
(MUKHPATRA) JAN TO JUNE 2022

# THE SUBLIME 6.0

A NEWS LETTER OF GUJARAT UNIVERSITY LIBRARY




gujunilibrary gulibrary2017 GUJARAT UNIVERSITY LIBRARY OF THE USER, BY THE USER, FOR THE USER GU Library gulibrary.com

# About Library




- The Gujarat University Library was established in 1951. With a modest beginning in the year 1951 with 1,700 books and 170 periodicals in the temporary building, it was transferred to existing New Building in 1967.
- The architecture and structure of the library building is like an "Open Book". There are 4 floors in the building with a large basement for stack area and a reading center.
- Gujarat University Library is indeed the heart of all activities of Gujarat University. It envisaged the words "Library is the Heart of an Institution" rightly said by the great Dr. Sarvapalli Radhakrishnan. Gujarat University has established one of the largest University Library System across the state that indeed plays a vital role in the acquisition and dissemination of academic and research information to meet the present and future needs of the University.

# Vision & Mission

## VISION

- To support scholarship and research productivity among University Community
- To explore and implement Innovative Technologies and services, to deliver Information and Scholarly resources to Users
- To establish library as a Knowledge Sharing Hub

## MISSION

- To acquire, store, organize, and disseminate resources for next generation in all subjects offered by Gujarat University.
- To provide access of all kind of Information Resources and Information Services to all affiliated community as per objective, function and mission of Gujarat University.
- Build and Strengthen ICT infrastructure in the University Library with Value-Added services.

# Initiative of ICT and Infrastructural facilities at Gujarat University Library

- Digitization of Theses/Dissertation /News Paper Clippings
- RFID Enabled Library
- E-Resource Access and Technical Process Lab
- Smart Card for Library Users
- Dr. Babasheb Ambedkar Special Collection Center
- Manuscript & Rare Collection Section
- Remote Access and MYLOFT (My Library on fingertips:Mobile Library Access)
- Plagiarism Detection Software (PDS) Service for Research Work
- IRINS (Indian Research Network Information System) : Gujarat University Faculty Profile, A Library Initiative
- ICT based Special Facilities for Visually Impaired Users (KIBO : Knowledge In-Box)
- Mobile Racks Facility
- Information Kiosks
- Single Window and Self-Circulation Section
- Meditation and Yoga Section : Saraswati Sadhana Kendra
- Ramp and Wheel Chair Facility for Differently Abled Users
- CCTV and Fire Safety Facilities
- Industrial R.O. Plants with Water Cooler
- Reception Lounge for Library Visitors
- Institutional Repository
- Separate Reading Center for Female Students
- Reuse of R.O. Waste Water
- Sardar Vallabhbhai Patel Knowledge Gallery & 'Gamthi' section at Gujarat University Library
- Pragnya Pustak Parab
- Sanitary napkin vending and disposal machine
- Primary medical facility service center

# Message from Librarian



**Dr. Yogesh Parekh**
I/C Librarian,
Gujarat University

Gujarat University Library wishes Happy and Safe New Year- 2022 to all readers of Sublime 6.0.

You might be aware that GUL had made tremendous efforts during third wave of Covid-19 and after new normal phases in important activities and endeavors of the University. GUL has taken all measures to ensure that User get constant services through remote access and physical services following social distancing norms of Covid 19.

GUL has organized many webinars, virtual and physical book exhibitions, pro-cession of books, book fair , library user orientation program, and library tour via online as well as offline mode and created another world record during this period.

GUL has made best efforts in other services like anti-plagiarism, shodhganga, syl¬labus services, MYSY, CMSS scholarship services along with routine circulation and reference services.

This issue of Sublime 6.0 will also brief you about the visit of reputed state and national level academic institutes at Gujarat University Library. During this period some unique activities were conducted by the GUL Staff such as No Single Use Plastic campaign, Pariksha Pe Charcha, Quiz Competition, Campus Cleaning, Yoga Training, Booster Dose Vaccination and Mask Awareness campaign, Tree plantation, Cycle rally, Use of waste water from RO, Natural farming & fertilizer as well as continuously supported, students in Competitive and university annual exams.

GUL conducted and as well as involved in many activities organized by Gujarat University during the celebration of Azadi ka Amrut Mahotsav India@75 directed by the State & Central Government.

Like usual, we are committed to provide the same level of service delivery with full enthusiasm and cooperation in the times yet to come.

# Coordinated Gujarat University Educational Exhibition Stall at the Vibrant Gujarat Global Summit 2022 during 5-6th January 2022.










# Invited as subject Expert online session on " Ethical issues in Research: Paper and Publication" at state level workshop organised by A. G. Teachers College Ahmedabad.



# Coordinated book exhibition & other programs on occasion of Swami Vivekananda Jayanti to celebrate "The National Youth Day" on 12th January 2022







# Book exhibition on World Braille Day

(4/1/2022)




# Book exhibition on Army Day

(15/1/2022)



City | Army day

આર્મી ડે પર આર્મી વિશે લખેયેલા પુસ્તકોનું ગુજરાત યુનિ. લાઇબ્રેરીમાં પ્રદર્શન યોજાયું

## ગુજરાત યુનિ. લાઇબ્રેરીના ડિજિટલ પ્લેટફોર્મ પર ૧ લાખ ૩૮ હજાર ડિફેન્સ પર લખાયેલા પુસ્તકો છે

સિટી લાઈફ ▸▸ ૧૯૪૯ની ૧૫ જાન્યુઆરીએ સ્વતંત્ર ભારતના ચીફ ઈન કમાન્ડર તરીકે ફિલ્ડ માર્શલ એમ. કરિપ્પાએ લશ્કરનો ચાર્જ સંભાળ્યો હતો. જેની ઉજવણી ૧૫ જાન્યુઆરીએ આર્મી ડે ઊજવીને કરવામાં આવે છે. ગઈકાલે ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં આર્મી પર લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કોલેજિયન વિદ્યાર્થીઓ યુવાઅવસ્થામાં જ આર્મી વિશે જાણે અને તેમાં જોડાય તેવા હેતુથી ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરી દ્વારા આર્મી પર લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ પ્રદર્શન આજે પણ ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં જોઈ શકાશે

પ્રદર્શન વિશે માહિતી આપતા ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરિયન યોગેશ પારેખે કહ્યું કે, 'ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં આર્મી પર લખાયેલા કુલ ૧૨૫ જેટલા પુસ્તકો છે.જે પૈકીના ૯૦ જેટલા પુસ્તકો બે દિવસીય પ્રદર્શનમાં એક્ઝિબિટ કરવામાં આવ્યા છે. તેમાથી ઘણા પુસ્તકો એવા પણ છે જેમાં પ્રાચીન ભારતના પૌરાણિક સંદર્ભો છે જે વિશેના દુર્લભ પુસ્તકો પણ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે.

### 58 હજાર પુસ્તકો ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં ઇન્ડિયન આર્મી પર જ છે

ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરીમાં ડિફેન્સ પર લખાયેલા પુસ્તકોનો ભંડાર છે. જેમાંથી ૧ હજાર ઉપર ફિઝિકલ કોપી લાઇબ્રેરી ખાતે હાલ મૂકવામાં આવી છે. આ સાથે ગુજરાત યુનિવર્સિટીના ડિજિટલ પ્લેટફોર્મ પર કુલ ૧ લાખ ૩૮ હજાર જેટલા ડિફેન્સ પર લખાયેલા પુસ્તકો છે જે પૈકી ૫૮ હજાર પુસ્તકો તો માત્ર ઇન્ડિયન આર્મી પર લખાયેલા જ છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગતવર્ષે ડિફેન્સ રિલેટેડ નવો કોર્સ લૉંચ કરવામાં આવ્યો છે જેમાં સ્ટડી કરતા વિદ્યાર્થીઓ સૌથી વધારે આ પુસ્તકોનો યુઝ કરે છે.

### પ્રાચીન ભારતની ગુપ્તચર સેવા બુક આકર્ષણનું કેન્દ્ર બન્યું

આર્મીની રચના નહોતી થઈ તે પહેલાં પણ રાજા-મહારાજા સમયમાં ભારતમાં સંરક્ષણની જવાબદારી ગુપ્તચરો દ્વારા નિભાવવામાં આવતી હતી. આ સંદર્ભે લખાયેલા પુસ્તક પ્રાચીન ભારતની ગુપ્તચર સેવા પુસ્તકને પ્રદર્શનમાં મૂકવામાં આવ્યું હતું. અતિદુર્લભ એવા આ પુસ્તકમાં ગુપ્તચરની કામગીરી પ્રાચીન ભારતમાં કયા પ્રકારની હતી તે વિશે સમજાવવામાં આવ્યું છે. આ સાથે તેમાં તેઓ કેવી રીતે માહિતી મેળવતા હતા તે વિશે પણ લખવામાં આવ્યું છે.

# Book exhibition on the life Journey of Netaji Subhash Chandra Bose on the occasion of his birth anniversary

(23/1/2022)





# Book exhibition & display of documentary film on life journey of Pujya Mahatma Gandhi on occasion of Gandhi Nirvan Diwas on 30/01/2022







City Event

ગુજરાત યુનિ.માં શ્રદ્ધાંજલિ સાથે પુસ્તક પ્રદર્શન યોજાયું

## ગાંધીજીના ૭૩માં નિર્વાણ દિન નિમિત્તે ૭૩ દીપ પ્રાગટ્ય કરીને શ્રદ્ધાંજલિ અપાઈ

# Invited as subject Expert Conducted online session on "OER : Open Educational Resources" at Scientific Research Writing Course conducted by IQAC Gujarat University





## Book exhibition on published books on cancer disease on the occasion of World Cancer Day 4 February 2022





યુનિવર્સિટી ગ્રંથાલાયમાં કેન્સર સંદર્ભિત પુસ્તકોનું ગ્રંથ પ્રદર્શન

ઓનલાઈન 61 હજારથી પણ વધુ ઈ-બુક મુકાઈ

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા કેન્સર દિવસ નિમિત્તે કેન્સર સંદર્ભિત પુસ્તકોનું ગ્રંથપ્રદર્શન યોજાયું હતું. જેમાં વિવિધ પ્રકારના કેન્સર સાથે તેને નિવારવાના ગ્રંથો પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા. જેમાં ટ્રીટમેન્ટ ઓફ કેન્સર, એટલાસ ઓફ કેન્સર, ટ્રીટમેન્ટ ઓફ એડવાન્સ સ્ટેજ કેન્સર નામના 100 જેટલા પુસ્તકો મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત લંગ્સ કેન્સર, બ્લડ કેન્સર, ફેફસાનું કેન્સર વગેરે પરના પુસ્તકો પણ મુકવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા અવાર નવાર આ પ્રકારના એક્ઝિબિશન યોજવામાં આવતા હોય છે. આ એક્ઝિબિશનમાં પણ વિશેષ પ્રકારના પુસ્તકો મુકવામાં આવ્યા હતા.

યુનિવર્સિટી ગ્રંથાલયની લાયબ્રેરીની વેબસાઈટમાં દરેક વિષયો પરના પુસ્તકો, ગ્રંથો, વગેરે મુકવામાં આવ્યા છે. જેમાં ફક્ત કેન્સ પરની જ ઈ બુક્સ 61,278 છે. અંદાજિત 74,735 કરતા વધુ ઓપન એક્સેસ, લાખો પુસ્તકો વાંચવા મળી શકે છે.

## Book exhibition on "Heritage City : Ahmedabad" on the occasion of Foundation Day of Ahmedabad 26 February 2022





# As a Nodal officer participated in "NAAD :Prayas - Rachnatmak Privartan Taraf " A workshop on community mobilization for social change with university representatives organized by Department of Higher Education Government of Gujarat on the occasion of "Amrut Mahotsav Par Yuva Sankalp : Shresth Bharat ke Panch Prakalp" at Narayani , Bhat, Ahmedabad





# Coordinated book fair for "Vigyan Sarvate Pujayate" science exhibition on 22th -28th February at Computer Science building, Gujarat University







# International Women's Day celebration: Book exhibition & award ceremony
# 8 March 2022












## Book exhibition on the occasion of World Theatre Day 27 March 2022





## Book exhibition on the occasion of "World Water Day" along with book exhibition on "Freedom Fighters of India" on the occasion on Martyrs Day 22 March 2022





# Visit of officers & experts from Blind Peoples Association India to see infrastructure & IT Facilities for Braille Users of GU Library











# In Cordination of "Pariksha Pe Charcha 2022" at Senate Hall, Gujarat University






# As a research supervisor Attended Online Pre Synopsis Viva Voce of Shri Kaushik Rao Research Scholar, C. U. Shah University



# Invited as subject Expert on Primary & Secondary Data Collection and Open Access Tools & Techniques at "RsearchME-2022", a five days workshop on Essentials of Research methodology held at Department of Biochemistry and Forensic Science, Gujarat University










# Book exhibition and other programs on Bharat Ratna Dr. Babasaheb Ambedkar on the occasion of 131st birth anniversary of Dr. Babasaheb Ambedkar.

## 14 April 2022












# READATHON on the occasion of World Book Day Celebration. 23 April 2022










# READATHON :
# Students Participation.







# Invited as resource person in online session on Research Misconduct : (FFP) Falsification Fabrication and Plagiarism, UGC Policy of Research Integrity in context to Research Ethics at Changu Kana Thakur Arts commerce and Science college of Maharashtra.








# "As a Guest of Honour" in Annual day and Facilitation Program of Department of Business Intelligence of B K School of Professional and Management studies, Gujarat University













## Students of University of Ladakh visited Gujarat University Library.





## Educational Genius of The Year 2020-21, Award Honoured by Hon'ble Shri. Ajay Chaudhary, IPS by Genius Indian Achiever's 2021-2022 of World Record of India and Genius foundation





# As a Representative of Gujarat University Coordinated Delegation of Print, Electronic & Digital Media of Academies (Gujarat University ) on the occasion of MOU with University of Kashmir & Inaugural Ceremony of Gujarat Centre of Gujarat University at Leh/Ladakh during the 24th May to 31st May 2022









**With Hon'ble Vice Chancellor Professor Nilofar Khan**

# Inaugural Ceremony of Gujarat Centre of Gujarat University at University of Ladakh.



**Shri Jamyang Tsering Namgyal,**
**Hon'ble Member of Parliament**



**Advocate Tashi Gyalson,**
**Hon’ble Chairman/Chief**
**Executive Councillor of Ladakh**



**Prof. Dr. S. K. Mehta sir,**
**Hon’ble Vice Chancellor,**
**University of Ladakh**

# Book exhibition ,Tree Plantation & No single used plastic Campaign on World Environment Day on 05/06/2022











# Book exhibition on world food safety day
# 7 June 2022





# Book exhibition & Yoga Training Session on International Yoga Day on 21/06/2022









# Book exhibition & No Drugs ,No Tobacco Awareness Campaign on The International Day Against Drug Abuse and Illicit Trafficking 26/06/2022



# As a Representative of GU Coordinated Quiz Competition "Anvesha 2022 of national Statistics office ,Government of India on 27 June 2022





# Coordinated Education Expo & Conclave of Ahmedabad Mirror ,Tv 9,News18 Gujarati & Times of India during May-June 2022




**Hon'ble Shri Bhupendrabhai Patel, Chief Minister, Gujarat State**






**Hon'ble Shri Harsh Sanghavi, Home Minister, Gujarat State**






**Hon'ble Shri Jitubhai Vaghani, Education Minister, Gujarat State**

# Library user orientation program.








# MOU with Gujarat State Yog Board Gandhinagar and online yoga training, World Record receiving ceremony on the occasion of IYD 2022
## 21 June 2022









# GU Library in Media

દિવ્ય ભાસ્કર **અમદાવાદ-સિટીભાસ્કર** 27-02-2022

## ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરી દ્વારા અમદાવાદને લગતી વિવિધ પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું

અમદાવાદ | અમદાવાદ શહેરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે અમદાવાદ પર પ્રકાશિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું. જેમાં ઐતિહાસિક અમદાવાદ નગરી, આજનું અમદાવાદ, અમદાવાદના વ્યાપાર -ઉદ્યોગો, મેટ્રોપોલિટન હાઉસિંગ માર્કેટ : એ સ્ટડી ઓફ અમદાવાદ, અમદાવાદ 600, અમદાવાદ-એ સોસાયટી ઓફ ટેન્શન (1818-1914), કોઈન્સ ઓફ અમદાવાદ, અમદાવાદ, ગાઈડ, આજનું અમદાવાદ, અમદાવાદ કોર્પોરેશન ચૂંટણી જેવા ટાઈટલ સાથેના પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યુ હતું. આ ગ્રંથપ્રદર્શનમાં રાખવામાં આવેલ વિવિધ ગ્રંથો અને સાહિત્યમાં જે તે સમયે માન્ચેસ્ટર તરીકેની ઓળખ ધરાવતા અમદાવાદમાં હોટલ્સ, ધર્મશાળાઓ, બસરૂટ, આર્ટ સ્થાપત્ય જેમાં રેલ્વે સ્ટેશન, બોમ્બે શોપ, લલ્લુભાઈ કરસનદાસ હોલ મસ્કતી ક્લોથ માર્કેટ, વિક્ટોરિયા જ્યુબિલી હોસ્પિટલ, અસારવા દાદા હરિની વાવ, કાંકરિયા લેક, રતનપોળ, ફુવારા બજાર સહિત અમદાવાદનો તે સમયનો નકશો સહિત, રાજા કર્ણદેવની કર્ણાવતી નગર વસાવવાની સહિત આશા ભીલ, અમદાવાદની વિવિધ પોળોના નામો કેવી રીતે પડ્યા તેનું ડોક્યુમેન્ટેશન ધરાવતી પુસ્તકો પ્રદર્શિત કરાઈ હતી.

દિવ્ય ભાસ્કર **અમદાવાદ-સિટીભાસ્કર** 27-03-2022

## ગુજ. યુનિવર્સિટી ખાતે પુસ્તક પ્રદર્શન યોજાયું

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે વિશ્વ થિયેટર દિવસના એક દિવસ પહેલા થિયેટર સંબંધિત વિષયોને આવરી લેતા ગ્રંથોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. આ પ્રદર્શનમાં ન્યૂ થિયેટર ફોર ઓલ્ડ, એન ઈન્ટ્રોડક્શન ટુ થિયેટર, ધ કલેક્ટેડ પ્લેસ, સંસ્કૃત નાટ્યશાસ્ત્રોનો પરિચય, હિન્દી નાટ્યશાસ્ત્રમ, શાકુન્તલ, મેઘદુતમ, કોમ્યુનિટી થિયેટર ઈન ગ્લોબલ પરસ્પેક્ટિવ્સ જેવા વિવિધ ગ્રંથોને વિદ્યાર્થીઓ માટે મુકવામાં આવ્યા હતા. યુવાનોમાં થિયેટર પ્રત્યે જાગૃતિ આવે તે અર્થે યોજવામાં આવેલ આ ગ્રંથ પ્રદર્શનને વિદ્યાર્થીઓના હસ્તેજ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

...જે 611 વર્ષનું થયું આપણું અમદાવાદ

SATURDAY 26.02.2022

2022

## અમદાવાદના ઐતિહાસિક સંદર્ભો વિશે માહિતી આપતા પુસ્તકોનું પ્રદર્શન યોજાશે

**સિટી લાઈફ :** અમદાવાદ શહેરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આવતી કાલે અમદાવાદ ઉપર પ્રકાશિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવશે. જેમાં ઐતિહાસિક અમદાવાદ નગરી, આજનું અમદાવાદ, અમદાવાદના વ્યાપાર -ઉદ્યોગો, અમદાવાદ ગાઈડ, આજનું અમદાવાદ ,અમદાવાદ કોર્પોરેશન ચૂંટણી એમ અમદાવાદ ઉપર પ્રકાશિત ગ્રંથો નકશા સહિત અન્ય સાહિત્યનું પ્રદર્શન આયોજિત કરવામાં આવશે. ગ્રંથાલય ખાતે વાંચન કરતા વિદ્યાર્થીઓ સહિત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને શહેરના નાગરિકો પણ આ ગ્રંથપ્રદર્શનની મુલાકાત લઈ શકશે.

આ ગ્રંથપ્રદર્શનમાં રાખવામાં આવેલ વિવિધ ગ્રંથો અને સાહિત્યમાં જે તે સમયે માંચેસ્ટર તરીકેના ઓળખના અમદાવાદમાં હોટલ્સ, ધર્મશાળાઓ બસરૂટ , આર્ટ સ્થાયત્ય જેમાં રેલ્વે સ્ટેશન, બોમ્બે શોપ, લલ્લુભાઈ કરસનદાસ હોલ મસ્કતી ક્લોથ માર્કેટ, વિક્ટોરિયા જ્યુબિલી હોસ્પિટલ , અસારવા દાદા હરિની કાકરિયા લેક, રતનપોળ, ફુવારા બજાર સહિત અમદાવાદનો તે સમયનો નકશા સહિત , રાજા કર્ણદેવની કર્ણાવતી નગર વસાવવાની સહિત આશા ભીલ, અમદાવાદની વિવિધ પોળોના નામો કેવી રીતે પડ્યા , શાહજહા જેમણે પોતે જ બંધાવેલા મહેલમા એક રાત પણ ના રોકાઈ શકયા , ભદ્રનિ કિલ્લો , રાણીનો હજીરો ,અમદાવાદના પ્રથમ નગર શેઠ શાંતિદાસ ઝવેરીથી લઈને હેરિટેજ અમદાવાદ સ્માર્ટ સિટી અમદાવાસ સહિતની માહિતી આવરી લેતા સાહિત્ય આ ગ્રંથપ્રદર્શનમા રાખવામાં આવશે.

# GU Library in Media

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે વિશ્વ જળ દિવસ નિમિત્તે પુસ્તક પ્રદર્શન



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે વિશ્વ જળ દિવસ નિમિત્તે જળ બચાવો વ્યવસ્થાપન વિશેના પુસ્તકોનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સાગરો કો ખોજ, પાણી બોલા જલગ્રહણ પ્રબંધન, સમુદ્ર વિજ્ઞાન સમુદ્ર શાસ્ત્ર, જય હો નર્મદા મૈયા વૉટર: મિરેકલ ઓફ નેચર વૉટર ઓફ ઇન્ડિયા, વૉટર કેમેસ્ટ્રી હેવી વૉટર એમ વિવિધ ગ્રંથો પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે.

City | Army day

આર્મી ડે પર આર્મી વિશે લખેયેલા પુસ્તકોનું ગુજરાત યુનિ. લાઇબ્રેરીમાં પ્રદર્શન યોજાયું

## ગુજરાત યુનિ. લાઇબ્રેરીના ડિજિટલ પ્લેટફોર્મ પર ૧ લાખ ૩૮ હજાર ડિફેન્સ પર લખાયેલા પુસ્તકો છે



**58** હજાર પુસ્તકો ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં ઇન્ડિયન આર્મી પર જ છે

**પ્રાચીન ભારતની ગુપ્તચર સેવા બુક આકર્ષણનું કેન્દ્ર બન્યું**

## ગુજરાત યુનિ. લાઈબ્રેરીમાં અમદાવાદ પર પ્રકાશિત ગ્રંથોનું પ્રદર્શન યોજાયું



અમદાવાદ શહેરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે અમદાવાદ ઉપર પ્રકાશિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું, જેમાં ઐતિહાસિક અમદાવાદ નગરી, આજનું અમદાવાદ, અમદાવાદના વ્યાપાર-ઉદ્યોગો, મેટ્રોપોલિટન હાઉસિંગ માર્કેટ: અ સ્ટડી ઓફ અમદાવાદ, અમદાવાદ ૬૦૦, અમદાવાદ: અ સોસાયટી ઓફ ટ્રાન્ઝીશન(૧૮૧૮-૧૯૧૪) પ્રોવિન્સ ઓફ અમદાવાદ, અમદાવાદ ગાઈડ, અમદાવાદ કોર્પોરેશન ચૂંટણી એમ અમદાવાદ પર પ્રકાશિત ગ્રંથો નકશા સહિત અન્ય સાહિત્યનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું.

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં શહીદ દિન નિમિત્તે પુસ્તક પ્રદર્શન



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં શહીદ દિન નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભગતસિંહ સુખદેવ અને રાજગુરુના જીવનને સંદર્ભિત ગ્રંથોનું ગ્રંથપ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પ્રદર્શનમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લખાયેલા પુસ્તક પ્રદર્શનમાં ખુલ્લા મૂકાયા હતા અને મોટી સંખ્યામાં સ્ટુડન્ટ્સ સહિતના લોકોએ તેનું વાંચન કર્યું હતું.

# GU Library in Media

gujarati.news18.com

HOME / NEWS / MADHYA-GUJARAT / REDATHON: રાજ્યમાં પહેલીવા

## Redathon: રાજ્યમાં પહેલીવાર રીડાથોન યોજાશે!, ગુજરાત યુનિવર્સિટીનો નવતર પ્રયોગ




ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી

**વિશ્વ પુસ્તક દિવસ (World Book Day) 23 એપ્રિલના રોજ યોજાનાર છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય (Gujarat university, Library) દ્વારા લોકોને પુસ્તક (Book) વાંચતા કરવા એક નવતર પ્રયોગ હાથ ધરાયો છે.**

gujarati.news18.com

અમદાવાદ બુક કલબ,ગુજરાત બુક કલબ,કર્મ ફાઉન્ડેશન, ICDR, DPPG, બી.કે.સ્કૂલ સાથે મળીને ગુજરાત યુનિવર્સીટી લાયબ્રેરી દ્વારા વિશ્વ પુસ્તક દિવસના દિવસે સવારે 9 થી સાંજના 7 વાગ્યા સુધી રીડાથોન યોજવામાં આવશે. આ રિડાથોનમાં ભાગ લેનાર વ્યક્તિએ પોતાના ઘરે કે કોઈ પણ જગ્યાએ બેસીને વાંચવાનું રહેશે.

ગુજરાતભરમાંથી 17000 વ્યક્તિઓ આ રીડાથોન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ અંગે ગુજરાત યુનિવર્સીટીના લાયબ્રેરી વિભાગના વડા યોગેશ પરીખએ જણાવ્યું હતું કે કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી લોકો મોબાઈલ તરફ વળ્યા છે અને વાંચનથી દુર થઇ ગયા છે. ત્યારે ફરી લોકોને પુસ્તક વાંચતા કરવાનો આ પ્રયાસ છે.

આજે વિશ્વ પુસ્તક દિવસ

### ૩ લાખથી વધુ પુસ્તકોનો ભંડાર ધરાવતી અનોખી લાઈબ્રેરી


## ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં ક્યારેય ન વંચાયેલા 500 પુસ્તકોનું પ્રદર્શન યોજાશે

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આજે વિશ્વ પુસ્તક દિવસ અંતર્ગત સવારે ૯ કલાકથી સાંજનાં ૫ કલાક સુધી રીડાથોનનું આયોજન કરવામાં આવશે. રીડાથોન અંતર્ગત આજે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સ્થાપના વર્ષ ૧૯૫૧થી આજ દિન સુધી એક પણ વખત ન વંચાયેલા પુસ્તકોનું પ્રદર્શન પણ યોજાશે. કા.ગ્રંથપાલ ડૉ. યોગેશ પારેખે કહ્યું, કોરોના મહામારીમાં સોશિયલ મીડિયાનાં વપરાશને કારણે નવી પેઢી ઓનલાઈન વાંચન તરફ વળી છે. ઓનલાઇન વાંચનની સાથે આ અભ્યાસુવર્ગ પુસ્તકોના ભૌતિક વાંચન તરફ વળે એવો અમારો આશય છે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ૩ લાખ ૭૦ હજાર પુસ્તકો છે. ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ૧૦ લાખ જેટલા પુસ્તકો વાંચી શકાય છે. ૧૫૦૦ પુસ્તકો ઓડિયો સ્વરુપે સંગ્રહિત છે. વર્ષ.૧૯૫૧થી અત્યાર સુધી કોઈ વિદ્યાર્થીએ પુસ્તક ઈસ્યુ ન કરાવ્યું હોય એવા ૫૦૦ પુસ્તકો આજે જોઇ શકાશે.

### સ્વાતંત્ર્ય સેનાનીઓનું પુસ્તક મ્યુઝિયમ

ગુજરાત સ્થાપના દિવસે ગ્રંથાલય ખાતે ૭૫ સ્વાતંત્રસેનાનીઓના ૭૫૦૦ પુસ્તકોનું મ્યુઝિયમ ખુલ્લુ મુકાશે. દેશને આઝાદી અપાવનારા ૭૫ મહાનુભાવોનાં જીવનચરિત્ર આધારિત પુસ્તકો આ મ્યુઝિયમમાં વાંચવા મળશે.

### દુર્લભ એવું સ્ત્રીનેતૃત્વશક્તિ પુસ્તક સચવાયેલું છે




અમદાવાદની સ્ત્રી નેતૃત્વ શક્તિની વાતો જણાવતું પુસ્તક 'અમદાવાદ શહેરની સ્ત્રીનેતૃત્વશક્તિ' (ઇ.સ. ૧૯૨૦થી ઇ.સ. ૧૯૪૭) એકમાત્ર ગુજરાત યુનિવર્સિટીનાં ગ્રંથાલયમાં છે.ડૉ. ઉષાબહેન ઘનશ્યામભાઈ ભટ્ટ દ્વારા ૧૯૮૨માં આ પુસ્તક લખાયું હતુ. આ પુસ્તકની ૨ કોપી ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી. આ પુસ્તકમાં અમદાવાદની પોળે પોળે અને અમદાવાદ દરેક વિસ્તારમાં મહિલા નેતૃત્વ હતું એ વાત છે. ગુજરાત યુનિવર્સિટી પ્રકાશનનું આ પુસ્તક અન્ય કોઈ પાસે નથી.

*23/04/2022 Gujarat Samachar Gujarat Plus*

# GU Library in Media

વિદ્વાન લેખકોનો સાહિત્ય વારસો નવી પેઢી સુધી પહોંચે તે માટે

## G.U. લાઇબ્રેરી ખાતે એક્ઝિબિશનમાં એક પણ વાર ન વંચાયેલ ૨૮થી વધુ પુસ્તકો મૂકવામાં આવ્યા

### વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા રીડાથોનનું આયોજન કરવામાં આવ્યું

**સિટી લાઈફ** : વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા રીડાથોનનું આયોજન કરવામાં આવ્યું છે સાથે જ એક વિશિષ્ટ પ્રકારનું ગ્રંથપ્રદર્શન યોજાયું જેમાં ઈ.સ. ૧૯૫૧ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સ્થાપનાકાળથી આજ દિન સુધી એક પણ વખત નહી વંચાયેલા પુસ્તકનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. લાઈબ્રેરીમાં વસાવેલા આ પુસ્તકો માત્ર તેની ફરીથી ગોઠવણી અને સાફ સફાઈના હેતુસર માત્ર રેકમાંથી કાઢવામાં અને પાછા મૂકવામાં આવ્યા પરંતુ એક પણ વખત વાચકો કે ઉપયોગકર્તા સુધી પહોંચ્યા નથી તેવા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂ ભાષાના પુસ્તકો ડિસ્પ્લેમાં મુકાયા છે. આ એક્ઝિબિશન ૨૫ એપ્રિલ સુધી ખુલ્લું રહેશે.

### દરેક પુસ્તકને તેનો વાચક મળે તે હેતુસર આ એક્ઝિબિશન યોજાયું છે

આ પ્રકારના એક્ઝિબિશનનો હેતુ છે કે કેટલાય સમાજમાં શિક્ષણ અને સંશોધન સાથે જોડાયેલા એવા કેટલાય ક્ષેત્રો છે કે જેમના ઉપર અને વિષયલક્ષી સાહિત્ય પુસ્તક સ્વરૂપે જે તે સમયને વિદ્વાન લેખકો દ્વારા લખવામાં અને તેને પ્રકાશિત કરવામાં આવ્યા છે જે ક્યાંક વંચાય તો ક્યાંક આજે પણ એજ પુસ્તકો લાઈબ્રેરીમાં સંગ્રહિત છે અને તેના ઉપયોગકર્તા સુધી પહોંચ્યા નથી. ત્યારે સાહિત્ય વારસો આપણા પૂર્વજોએ આપણા તથા ભાવિ પેઢી માટે ગ્રંથસ્થ સ્વરૂપે આલેખિત કરેલ કરેલ છે તેને સાચા અર્થમાં તેના વાચક સુધી પહોંચાડવું અને દરેક પુસ્તકને તેનો વાચક મળે તે હેતુસર આ પ્રકારના ખાસ એક્ઝિબિશનનું આયોજન કરાયું છે.

- ડો. યોગેશ પારેખ, ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરિયન



### ગુજરાતી ભાષામાં નહીં વંચાયેલા પુસ્તકો

• ઉપાસના- ૧૯૭૧ • મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રંથ- ૧૯૬૮ • કુમારિકા ખંડ- ૧૯૬૧ • પ્રત્યય- ૧૯૭૦ • સમગ્ર કવિતા- જોશી ઉમાશંકર- ૧૯૮૧ • ઉલ્લેખો- ૧૯૬૧ • લિ. હું આવું છું- ૧૯૮૮ • કુસુમમાળાઃ સંગીત કાવ્યોનો સમુદાય- ૧૯૮૭ • મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ- ૧૯૮૧

### અંગ્રેજી ભાષામાં નહીં વંચાયેલા પુસ્તકો

• અ હિસ્ટ્રી ઓફ ફિલોસોફી-૧૯૬૫ • ગુરુ તેગ બહાદુર-૧૯૭૫ • વિક્રમ સેઠઃ ધ સ્યૂટેબલ રાઈટર • સ્કિલ એન્ડ ટ્રેનિંગ હેન્ડબૂક • ઈકોનોમિક ઓફ સપ્લાય ડિમાન્ડ-૧૯૮૩ • પાયોનિયર વુમન નિ ઈન્ડિયા-૧૯૪૪ • સનટોરિયમ- ૧૯૪૦ • ફ્રીડમ મૂવમેન્ટ ઈન બિહાર-૧૯૫૮ • ન્યૂ રશિયન સ્ટોરીઝ-૧૯૪૪ • લોકલ ગવર્મેન્ટ ઈન એન્સિયન્ટ ઈન્ડિયા-૧૯૨૦ • નવાણ અને નવાણના પાણીનો ઉપયોગ કરવાના સાધન- ૧૯૭૧

---

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શન



ડૉ.બાબાસાહેબ આંબેડકરની જયંતી નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સ્ટુડન્ટ્સ અને પ્રોફેસરો દ્વારા પુસ્તક પ્રદર્શન નિહાળીને તેમના જીવન કવન વિશેની માહિતી મેળવી હતી.

---

## ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન કવન પર પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન યોજાયું

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આઝાદીના અમૃત મહોત્સવના ૭૫ વર્ષની ઉજવણી અને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે તેમના જીવન કવન ઉપર પ્રકાશિત વિવિધ ૭૫થી વધુ ગ્રંથોનું પ્રદર્શન ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હિમાંશું પંડ્યાના વરદહસ્તે ખુલ્લું મુકાયું. આ સાથે ૭૫ દીપ પ્રાગટ્ય સાથે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેમજ યુવા વિદ્યાર્થી-વિદ્યાર્થિઓને ડો. આંબેડકર અને જોગેન્દ્રનાથ મંડલ પુસ્તક ભેટ આપવામાં આવ્યું.

---

**આજે વિશ્વ પુસ્તક દિવસ**

૩ લાખથી વધુ પુસ્તકોનો ભંડાર ધરાવતી અનોખી લાઈબ્રેરી

## ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં ક્યારેય ન વંચાયેલા 500 પુસ્તકોનું પ્રદર્શન યોજાશે

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આજે વિશ્વ પુસ્તક દિવસ અંતર્ગત સવારે ૯ કલાકથી સાંજના ૫ કલાક સુધી રીડાથોનનું આયોજન કરવામાં આવશે. રીડાથોન અંતર્ગત આજે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સ્થાપના વર્ષ ૧૯૫૧થી આજ દિન સુધી એક પણ વખત ન વંચાયેલા પુસ્તકોનું પ્રદર્શન પણ યોજાશે. ગ્રંથપાલ ડૉ. યોગેશ પારેખે કહ્યું, કોરોના મહામારીમાં સોશિયલ મીડિયાનાં વપરાશને કારણે નવી પેઢી ઓનલાઈન વાંચન તરફ વળી છે. ઓનલાઈન વાંચનની સાથે આ અભ્યાસુવર્ગ પુસ્તકોના ભૌતિક વાંચન તરફ વળે એવો અમારો આશય છે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ૩ લાખ ૭૦ હજાર પુસ્તકો છે. ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ૧૦ લાખ જેટલા પુસ્તકો વાંચી શકાય છે. ૧૫૦૦ પુસ્તકો ઓડિયો સ્વરૂપે સંગ્રહિત છે. વર્ષ ૧૯૫૧થી અત્યાર સુધી કોઈ વિદ્યાર્થીએ પુસ્તક ઇશ્યુ ન કરાવ્યું હોય એવા ૫૦૦ પુસ્તકો આજે જોઈ શકાશે.

### સ્વાતંત્ર્ય સેનાનીઓનું પુસ્તક મ્યુઝિયમ

ગુજરાત સ્થાપના દિવસે ગ્રંથાલય ખાતે ૭૫ સ્વાતંત્ર્યસેનાનીઓના ૭૫૦૦ પુસ્તકોનું મ્યુઝિયમ ખુલ્લું મુકાશે. દેશને આઝાદી અપાવનારા ૭૫ મહાનુભાવોનાં જીવનચરિત્ર આધારિત પુસ્તકો આ મ્યુઝિયમમાં વાંચવા મળશે.

### દુર્લભ એવું સ્ત્રીનેતૃત્વશક્તિ પુસ્તક સચવાયેલું છે



અમદાવાદની સ્ત્રી નેતૃત્વ શક્તિની વાતો જણાવતું પુસ્તક 'અમદાવાદ શહેરની સ્ત્રીનેતૃત્વશક્તિ' (ઇ.સ. ૧૯૨૦થી ઇ.સ. ૧૯૪૭) એકમાત્ર ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયમાં છે. ડૉ. ઉષાબહેન ઘનશ્યામભાઈ ભટ્ટ દ્વારા ૧૯૮૨માં આ પુસ્તક લખાયું હતું. આ પુસ્તકની ૨ કોપી ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી. આ પુસ્તકમાં અમદાવાદની પોળે પોળે અને અમદાવાદ દરેક વિસ્તારમાં મહિલા નેતૃત્વ હતું એ વાત છે. ગુજરાત યુનિવર્સિટી પ્રકાશનનું આ પુસ્તક અન્ય કોઈ પાસે નથી.

*23/04/2022 Gujarat Samachar Gujarat Plus*

---

## સિવિલ સર્વિસની તૈયારી કરતા સ્ટુડન્ટ્સનો લાઈબ્રેરી ઓરિએન્ટેશન પ્રોગ્રામ



રાષ્ટ્રીય સિવિલ સર્વિસ દિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે સિવિલ સર્વિસની તૈયારી કરતા સ્ટુડન્ટ્સ માટે લાઈબ્રેરી ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સિવિલ સર્વિસની તૈયારી માટે કયા પુસ્કતોનું વાંચન કરવું સાથે તે માટેની માહિતી આપવામાં આવી હતી.

# GU Library in Media


દિવ્ય ભાસ્કર

અમદાવાદ-સિટીભાસ્કર 23-04-2022

**WORLD BOOK DAY**

## 5 વર્ષમાં કોર્સની નહીં સ્પર્ધાત્મક પરીક્ષાની બુક્સ વધુ ઇસ્યૂ થઇ

### GUની લાઇબ્રેરીમાં કોમ્પિટિટિવ એક્ઝામના પુસ્તકો વધુ વંચાય છે



**નિકુલ વાઘેલા, અમદાવાદ** | વર્લ્ડ બુક ડે નિમિત્તે ગુજરાત યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં યંગસ્ટર્સ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા ફિઝિકલ અને ઓનલાઈન બુક ઈસ્યૂ થયા તેમજ વાંચ્યા તેની વિગતો સિટી ભાસ્કર સાથે શેર થતા જાણવા મળ્યું કે, છેલ્લાં પાંચ વર્ષમાં જેમાં 2 વર્ષ કોરોનાકાળમાં પણ યંગસ્ટર્સે બુક વાંચવાનો આગ્રહ રાખ્યો હતો. પાંચ વર્ષમાં 1,37,030 બુક ફિઝિકલી ઈસ્યૂ કરવામાં આવી છે.

**છેલ્લા એક વર્ષમાં ઓનલાઇન લૉના વિષયનું 10 GB મટીરિયલ ડાઉનલોડ થયું**

### 2017-22 માર્ચ સુધીમાં ઈસ્યૂ થયેલી બુકની યાદી

- સ્પર્ધાત્મક પરીક્ષા 41,816
- સાહિત્ય 4,735
- જીવવિજ્ઞાન 1,378
- રસાયણ શાસ્ત્ર 1,414
- લૉ 1,498

### એક વર્ષમાં ડાઉનલોડ થયેલી બુક્સનો ડેટા

- લૉ 10.02 GB
- સાયન્સ-કેમિસ્ટ્રી 2.82 GB
- ભાષાકીય પુસ્તકો 1.87 GB
- કોમર્સ મેનેજમેન્ટ 906.3MB
- સોશિયલ સાયન્સ 799.49MB
- બિઝનેસ 549.29MB

### યંગસ્ટર્સને વાંચન તરફ પ્રેરિત કરવા રિડેથોન યોજાશે

વર્લ્ડ બુક ડે નિમિત્તે ગુજરાત યુનિ.ની લાઇબ્રેરી દ્વારા રિડેથોન યોજવામાં આવશે. જેમાં ગુજરાતના વિવિધ વિસ્તારના સ્ટુડન્ટ્સ સવારે 9થી 5 વાગ્યા દરમિયાન પોતાને મનગમતી બુક વાંચશે. તે દરમિયાન સ્ટુડન્ટ્સ પુસ્તકો વાંચતો ફોટો સોશિયલ મીડિયા પર મુકશે અને ગુજરાત યુનિવર્સિટીને ટેગ કરશે. આ રિડેથોનમાં કે. એસ. બિઝનેસ અને બી. કે. મેનેજમેન્ટના ICBRના કુલ 5,000 સ્ટુડન્ટ્સ જોડાશે.

### પ્રજ્ઞાચક્ષુઓ માટે ટેક્સ્ટ ટુ ઓડિયો બુકની સિસ્ટમ ઊભી કરવામાં આવી છે

2019માં પ્રજ્ઞાચક્ષુઓ માટે શરૂ કરવામાં આવેલી ઓડિયો બુકની સુવિધાનો લાભ હાલ પર્યંત રોજના 10થી વધારે પ્રજ્ઞાચક્ષુઓ લઈ રહ્યા છે. લાઇબ્રેરીમાં 1,500થી વધુ ઓડિયો બુક છે. જેમાં 450 જૂની કેસેટ્સમાંથી ઓડિયો બુક તૈયાર કરવામાં આવી છે. તેની સાથે ઈમેજ સ્કેન કરીને તેમાંથી તરત ઓડિયો સંભળાય તેવી ટેક્સ્ટ ટુ ઓડિયો સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે જેમાંથી 25,000 પેજ સ્કેન કરીને ઓડિયો બુક બનાવવામાં આવી છે.

### ગુજરાત યુનિ.ની લાઇબ્રેરીમાં સ્વાતંત્ર્યસેનાનીઓની બુકનો કક્ષ બનશે



લાઇબ્રેરીમાં વાંચવા માટે આવતા વિદ્યાર્થીઓ દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓથી અવગત થાય તે આશયથી સ્વાતંત્ર્ય સેનાની બુકનો અધ્યયન કક્ષ તૈયાર થઈ રહ્યો છે. જ્યાં 7,500 પુસ્તકો સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ અત્યાર સુધીના ભારત દેશના પ્રાઈમ મિનિસ્ટર અંગેના પુસ્તકો જોવા મળશે. આ અધ્યયન કક્ષમાં પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા મોટા પ્રમાણમાં બુક ભેટ કરશે.

દિવ્ય ભાસ્કર

અમદાવાદ-સિટીભાસ્કર 22-06-2022

**YOGA DAY CELEBRATION** શહેરની વિવિધ કોલેજોમાં યોગ દિવસની ઉજવણી

## GUની 75 કોલેજના સ્ટુડન્ટ્સે યોગ કર્યા

અમદાવાદ - આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શહેરની વિવિધ કોલેજોના કેમ્પસમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદા-જુદા યોગાસનો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન 75 કોલેજના સ્ટુડન્ટ્સે રિવરફ્રન્ટ ખાતે યોગાસનો કર્યા હતા, તેમજ રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનારા યોગ કાર્યક્રમમાં વિવિધ કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.




**અમદાવાદઃ** મેરેથોન, સાયકલોથોન, હેકાથોન જેવા શબ્દ તો તમે સાંભળ્યો હશે પણ હવે વાંચનના શોખનો વ્યાપ વધારવા ગુજરાત યુનિવર્સિટીનો લાયબ્રેરી (Library of Gujarat University) વિભાગ રીડાથોન લઈ આવ્યુ છે. જી હા વિશ્વ પુસ્તક દિવસ (World Book Day) 23 એપ્રિલના રોજ યોજાનાર છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય દ્વારા લોકોને પુસ્તક (Book) વાંચતા કરવા એક નવતર પ્રયોગ હાથ ધરાયો છે. આ રિડાથોન (Redathon) માટે 17 હજાર લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

23 એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસ છે ત્યારે આ દિવસે ગુજરાત યુનિવર્સીટી લાયબ્રેરી દ્વારા કેટલીક સંસ્થાઓ સાથે મળીને રીડાથોનનો નવો કોન્સેપટ લાવી છે. આ નવતર પ્રયોગમાં કોઈ પણ વ્યક્તિ રજિસ્ટ્રેશન કરીને તે દિવસ વાંચીને આ અભિયાનમાં જોડાઈ શકશે.

# GU Library in Media

**ઉજવણી: ગુજરાત યુનિવર્સિટીમાં ડો. બાબાસાહેબ આંબેડકરની 131મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ**

અમદાવાદ 16 દિવસ પહેલા



બાબા સાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરાઈ તેની તસવીર

- -ડો. બાબા આંબેડકરના જીવન અને કવન ઉપર પ્રકાશિત વિવિધ 75થી વધુ ગ્રંથોનું પ્રદર્શન

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે સમાજ જીવનમાં વિવિધ ક્ષેત્રે નારી શકિત, નારીના સમાજ જીવન, રાજ્ય અને દેશમાં નારીનુ યોગદાન સમાજ જીવનના વિવિધ ક્ષેત્રે નારી એમ વિવિધ વિષયોને લગતા ગ્રંથોનુ એક પ્રદર્શન ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં વાંચન કરતી દીકરીઓના વરદ હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. તે ઉપરાંત કેક કાપીને દીકરીઓએ આ દિવસની ઉજવણી કરી હતી.

**ગ્રંથાલયમાં પ્રદર્શન રાખવામાં આવ્યું**

ગુજરાત યુનિવર્સિટી ખાતે આ સંદર્ભિત સ્ત્રી સ્વાતંત્ર્યવાદ, ગૃહજીવનમાં સ્ત્રીનું સ્થાન, અમદાવાદ શહેરની સ્ત્રી નેત્તુત્વ શકિત આ ગ્રંથો કે 1980,1958,1927માં લખાયેલા છે. આ સાથે 200 થી વધુ પુસ્તકો મહિલા સશક્તિકરણને લગતા આ ગ્રંથ પ્રદર્શનમાં રાખવામાં આવેલ છે. આ ગ્રંથ પ્રદર્શન સાંજના 5.00 કલાક સુધી શૈક્ષણિક અને જાહેર તમામ સમુદાય માટે ખુલ્લુ રહેશે.




ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની 131મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રી પ્રોફે. ડો.હિમાંશુ પંડ્યા સાહેબ, માનનીય કુલસચિવ ડો. પી. એમ પટેલ સાહેબ સહિત ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકર ચેરના કો ઓર્ડિનેટર ડો. ભરત મૈત્રેય ,કા. યુનિવર્સિટી ગ્રંથપાલ ડો. યોગેશ પારેખ સહિત અધ્યાપકો અધિકારીઓ સહિત વહીવટી કર્મચારીઓએ ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ સાથે જ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આઝાદીના અમૃત મહોત્સવ ઇન્ડિયા @75 વર્ષની ઉજવણી અને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે તેમના જીવન અને કવન ઉપર પ્રકાશિત વિવિધ 75થી વધુ ગ્રંથોનું પ્રદર્શન કુલપતિ પ્રોફે ડો. હિમાંશુ પંડ્યાની ઉપસ્થિતિમાં યુવા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓના હસ્તે ખુલ્લું રાખવામાં આવેલ હતું.



આ સાથે જ 75 દિપ પ્રાગટ્ય સાથે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. તેમજ યુવા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ડો.આંબેડકર અને જોગેન્દ્રનાથ મંડલ પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવેલ હતું. આ પ્રસંગે કા. યુનિવર્સિટી ગ્રંથપાલ ડો. યોગેશ પારેખ, ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકર ચેર ગુજરાત યુનિવર્સીટીના કો.ઓર્ડિનેટર ડો. ભરત મૈત્રેય સહિત અધ્યાપકો વિદ્યાર્થીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# GU Library in Media

## International Women's Day: જાણો અમદાવાદની એક માત્ર લાયબ્રેરી જ્યાં યુવતીઓની સુવિધા માટે છે ખાસ વ્યવસ્થા



પ્રતીકાત્મક તસવીર

**Womens day Special:** શહેરમાં એક એવી લાયબ્રેરી છે જ્યાં મહિલાઓની સુવિધા માટે રાખવામાં આવે છે ખાસ ધ્યાન. આ લાયબ્રેરી છે ગુજરાતની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરી.

- NEWS18 GUJARATI
- LAST UPDATED : MARCH 08, 2022, 14:10 IST

સંજય ટાંક

**અમદાવાદ**: અમદાવાદમાં (Ahmedabad News) આમ તો ઘણી લાયબ્રેરી છે પરંતુ શહેરમાં એક એવી લાયબ્રેરી છે જ્યાં મહિલાઓની સુવિધા માટે રાખવામાં આવે છે ખાસ ધ્યાન. આ લાયબ્રેરી છે ગુજરાતની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરી. અહીં વાંચનલયમાં હજારો યુવતીઓ વાંચનનો લાભ લે છે સાથે સાથે યુવતીઓ માટે સેનેટરી નેપકિન ડિસ્પોઝલ મશીનની વ્યવસ્થા તો છે જ સાથે સેનેટરી પેડ વેન્ડિંગ મશીન કે જેમાં સિક્કો નાખો અને સેનેટરી પેડ બહાર નીકળે. આ સુવિધા પણ લાયબ્રેરીમાં આવતી યુવતીઓ માટે વિનામૂલ્યે કરવામાં આવી છે.

CORONAVIRUS

## મહિલા દિવસની ઉજવણી: ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરીમાં મહિલા દિવસ નિમિત્તે મહિલાઓના હસ્તે ઉદ્ઘાટન કરી પ્રદર્શન ખુલ્લુ મુકાયું

અમદાવાદ 2 મહિનો પહેલા



દીકરીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતુ

- કેક કાપીને દીકરીઓએ આ દિવસની ઉજવણી કરી હતી

## વિશ્વ પુસ્તક દિવસ: અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરીમાં રીડાથોન યોજાશે, 15 હજાર વિદ્યાર્થી ભાગ લે તવી શક્યતા

અમદાવાદ 12 દિવસ પહેલા



- રજિસ્ટ્રેશન માટે લિંક ગુજરાત યુનિવર્સિટીના લાયબ્રેરીના પેજ પર મુકવામાં આવી

23 એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસ છે. ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરીમાં કેટલીક સંસ્થાઓ સાથે મળીને રીડાથોન યોજાશે. જેમાં કોઈ પણ વ્યક્તિ રજિસ્ટ્રેશન કરીને તે દિવસે વાંચનના આ અભિયાનમાં જોડાઈ શકશે. સમગ્ર ગુજરાતમાંથી 15 હજાર જેટલા વિદ્યાર્થીઓ આ રીડાથોનમાં જોડાય તેવી શક્યતાઓ છે.

**વાંચન સમયનો ફોટો સોશિયલ મીડિયામાં અપલોડ કરવો પડશે**

અમદાવાદ બુક કલબ,ગુજરાત બુક કલબ,કર્મ ફાઉન્ડેશન,ICDR, DPPG,બી.કે.સ્કૂલ સાથે મળીને ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી દ્વારા 23 એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસે સવારે 9 થી સાંજના 7 વાગ્યા સુધી રીડાથોન યોજવામાં આવશે. આ રીડાથોનમાં ભાગ લેનાર વ્યક્તિએ પોતાના ઘરે કે કોઈ પણ જગ્યાએ બેસીને વાંચવાનું રહેશે. વાંચતા હોય તેવો ફોટો # gujaratuniversity કરીને યુનિવર્સિટીની ટેગ કરીને સોશિયલ મીડિયામાં અપલોડ કરવાનો રહેશે.ટ

# GU Library in Media

ગુજરાત સમાચાર

Sunday

26/06/2022

For More News click > www.gujaratsamachar.com

### ગુજરાત યુનિ. ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શન

Azadi Ka Amrit Mahotsav

Library

### ગુજરાત યુનિ.ના ગ્રંથાલય ખાતે મુલાકાત કરી




ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે જર્નાલિઝમ વિભાગમાં અભ્યાસ કરતા સ્ટુડન્ટસે મુલાકાત કરી હતી. ગ્રંથાલય યુઝર ઓરિએન્ટેશન કાર્યક્રમમાં ગ્રંથાલય સ્ટાફ, ઇશ્યૂ રિટર્ન સામયિક વિભાગ, સંદર્ભ વિભાગ જેવા ૨૧ વિવિધ વિભાગોની મુલાકાત કરી હતી.

### ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની સ્ટુડન્ટ્સે મુલાકાત લીધી



ઇન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ અને કોમ્યુનિકેશન ચીમનભાઇ પટેલ કોલેજેના પીજીના સ્ટુડન્ટ્સ દ્વારા ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની સ્ટુડન્ટ્સે મુલાકાત લીધી હતી. ગ્રંથાલયમાં રહેલી હસ્તપ્રતો, તાડપત્રો સચવાયેલા છે તેના વિશેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

Gujarat Samachar Plus01/07/2022

દિવ્ય ભાસ્કર

અમદાવાદ-સિટીભાસ્કર 09-06-2022

### ફૂડ સેફ્ટી પર ગ્રંથ પ્રદર્શન

અમદાવાદ | વર્લ્ડ ફૂડ સેફ્ટી દિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ફૂડ સેફ્ટી, હેલ્થી ફૂડ ઉપરના ગ્રંથોનું ગ્રંથ પ્રદર્શન યોજવામાં આવ્યું. તે ઉપરાંત જંકફૂડના વધતા પ્રમાણને લીધે સ્વાસ્થ્ય પર થતી આડઅસરો સાથે ઓર્ગેનિક ફૂડ સાત્વિક ફૂડથી થતાં સ્વાસ્થ્યના ફાયદા અંગે વિધાર્થીઓ સાથે ચર્ચા પણ કરવામાં આવી હતી.

ગુજરાત સમાચાર

Sunday

For More News click > www.gujaratsamachar.com

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આજે

### સ્થાપના દિને રાજ્યના સાહિત્ય કલા ગ્રંથોનું પ્રદર્શન

01/05/2022

Gujarat University Library

# GU Library in Media

**દિવ્ય ભાસ્કર** — અમદાવાદ-સિટીભાસ્કર 24-06-2022

## રિસર્ચ સ્ટડીમાં મદદ માટે પત્રકારત્વના સ્ટુડન્ટ્સને લાઈબ્રેરીની સમજણ અપાઈ

### GUની લાઈબ્રેરી દ્વારા સ્ટુડન્ટ્સને લાઈબ્રેરીની કામગીરી અંગે માહિતગાર કરાયા




અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરી ખાતે સ્ટુડન્ટ્સ માટે લાઈબ્રેરી યુઝર ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો. ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલા ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં લાઈબ્રેરીની કામગીરી વિશે સમજણ આપવામાં આવી હતી. જેમાં બુક ઈશ્યુ, રિટર્નની સાથે ક્યાં પુસ્તકો કેવી રીતે સરળતાથી મેળવી શકાય તેની સાથે RFID વિભાગ, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે વાચનની વ્યવસ્થા તેમજ પ્રાચીન હસ્તપ્રતો પ્રસ્તુત કરવામાં આવી હતી. પત્રકારત્વના વિદ્યાર્થીઓને તેમના રિસર્ચ માટે રેફરન્સ બુક્સ શોધવામાં મદદ મળી રહે તે અર્થે આ ઓરિએન્ટેશન પ્રોગ્રામ મદદરૂપ રહેશે.

## ગુજરાત યુનિ. ગ્રંથાલયમાં યોગ ડે નિમિત્તે પ્રદર્શન



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં યોગ ડે નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યોગશાસ્ત્ર, યોગા, યોગવિદ્યા સહિતના ૫૦થી વધુ પુસ્તક પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા.

**ગુજરાત સમાચાર Sunday**

For More News click > www.gujaratsamachar.com

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આજે

## સ્થાપના દિને રાજ્યના સાહિત્ય કલા ગ્રંથોનું પ્રદર્શન

**01/05/2022**

ગુજરાત રાજ્યની સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાયલ ખાતે ગુજરાત રાજ્યના સાહિત્ય કલા વારસાના ઈતિહાસને ઉજાગર કરતા વૈવિધ્યસભર ગ્રંથોનું પ્રદર્શન રાખવામાં આવ્યું છે અને તેનું ઉદ્ઘાટન યુવા વિદ્યાર્થીઓના હસ્તે કરવામાં આવશે. આ ગ્રંથ પ્રદર્શનમાં ગુજરાત રાજ્ય અને અમદાવાદના નારીરત્નોએ આઝાદીની લડતમાં પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરેલ તેવા ગ્રંથ સંશોધન અને સાહિત્યની સાથે અમદાવાદની સ્ત્રી નેતૃત્વ શકિત, રાષ્ટ્રીય આંદોલનમાં ગુજરાતી મહિલાઓનું પ્રદાન, ગુજરાતના નારીરત્નો, ભારતીય ક્રાંતિકારી મહિલાઓ, ભારતીય નારી અને તસવીર- તાસીર સાથે ૧૯૨૨માં રાષ્ટ્રીય સ્વંય સેવિકા મંડળમાં આઝાદીની ચળવળમાં પ્રતિજ્ઞા લેનાર ૧૪૦ સ્વાતંત્ર્ય સેનાની બહેનો, ગાંધીજીએ તે સમયે મહિલા સ્વાતંત્ર્ય સેનાની બહેનોને લખેલ પત્રોની માહિતીને આ પ્રદર્શનમાં જોઈ શકાશે.

*Gujarat University Library*

## ગુજરાત યુનિ. ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શન

'નશાકારક પદાર્થોના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરાફરી વિરોધી' દિનની પૂર્વ સંધ્યાએ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રંથાલયમાં ખાસ કરીને વાંચન માટે આવતા વિદ્યાર્થીઓને નશાકારક પદાર્થોથી થતા વ્યકિત અને પરિવારને થતા આર્થિક નુકસાન વિશે સમજાવી સ્વાસ્થ્યની જાળવણી કેવી રીતે કરી શકાય તે માટેની ચર્ચા કરવામાં આવી હતી.

**દિવ્ય ભાસ્કર** — અમદાવાદ-સિટીભાસ્કર 26-06-2022

Gujarat University Library — Azadi Ka Amrit Mahotsav

## નશાકારક પદાર્થોના દુરૂપયોગ પર ટોક યોજાઈ

અમદાવાદ | ગુજ. યુનિ. ગ્રંથાલયમાં નશાકારક પદાર્થોના દુરૂપયોગ અને ગેરકાયદેસર હેરાફેરી વિરોધી આંતરરાષ્ટ્રીય દિવસની પૂર્વ સંધ્યાએ ગોષ્ઠી યોજાઈ. જેમાં સ્ટુડન્ટ્સને ધુમ્રપાન કરતા અટકાવવા માટે ગ્રંથાલયમાં ધ્રુમપાન એક વિષપાન, વર્ષ 1980 ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, દારૂબંધી શા સારુ જેવા 20થી વધુ ગ્રંથોનું પ્રદર્શન યોજાયું હતું.

**સંદેશ City Life** — SATURDAY 25.06.2022 — અમદાવાદની

GU લાઇબ્રેરી ખાતે આઝાદીની ચળવણમાં જેમનું સર્વસ્વ ન્યોછાવર થયું છે તેના વિશે વિદ્યાર્થીઓ જાણે તે હેતુસર

## સ્વાતંત્ર્ય સેનાનીઓના ગ્રંથોનો અધ્યયન કક્ષ કમ મ્યુઝિયમ બનાવાશે

સિટી લાઇફ : આઝાદીના અમૃત મહોત્સવ અને ઈન્ડિયા @૭૫ની ઉજવણીને ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ભારત રાષ્ટ્રના આઝાદીના ઈતિહાસ અને વારસાને આવરી લેતા સાથે આઝાદીની ચળવળમાં જેમણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું છે એવા સ્વાતંત્ર્ય સેનાનીઓના જેમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર, સ્વામી વિવેકાનંદ, ભગતસિંહ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, છત્રપતિ શિવાજી મહારાજ, સુખદેવ, રાજગુરુ, બાળ ગંગાધર ટિળક , અમદાવાદની સ્ત્રી નેતૃત્વ શક્તિઓ જેમણે સ્વાતંત્ર્ય ચળવળમાં યોગદાન આપેલ છે તે સહિત જે પણ સ્વાતંત્ર્ય સેનાનીઓની ગ્રંથો મળે તે તમામને આવરી લઈને અધ્યયન કક્ષ કમ મ્યુઝિયમ બનાવવામાં આવશે. આ વિભાગમાં નારી સ્વાતંત્ર્ય સેનાનીઓના પણ પુસ્તકો પણ સમાવિષ્ટ કરવામાં આવશે.

### આ વિભાગમાં શું હશે?



આ અધ્યયન કક્ષમાં ભારતના પૂર્વેથી પંડિત જવાહરલાલ નહેરુ, ઈન્દિરા ગાંધી, અટલ બિહારી વાજપેયી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર દામોદર દાસ મોદી દ્વારા લિખિત અને પ્રકાશિત ગ્રંથો પણ રાખવામાં આવશે. આ સાથે શહેરના એક ઈતિહાસકાર દ્વારા પણ ૨,૫૦૦ જેટલા ગ્રંથો ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને આપવામાં આવશે, એમાં કેટલાય એવાય ગ્રંથો છે જેમાં અનેક સ્વાતંત્ર્યવીરો કે જેના વિશે સમાજના નાગરિકો અજાણ છે. તે તમામ ૨,૫૦૦ જેટલા ગ્રંથો આ વિભાગને તેમના તરફથી ભેટ આપવામાં આવશે અને આ પુસ્તકો પણ આ અધ્યયન કક્ષમાં રખાશે.

### આ કક્ષ રિસર્ચર સ્ટુડન્ટ્સ અને સમાજ ઉપયોગી બની રહેશે



આ વિભાગ હાલમાં તૈયારી થઈ ગયેલ છે જે નજીકના સમયમાં જ શરૂ કરવવામાં આવશે. સમગ દેશ જ્યારે આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે સ્વાતંત્ર્ય અને આઝાદીના વારસના આવરી લેતા આ અધ્યયન કક્ષ ચોક્કસ પણે વિદ્યાર્થીઓ સંશોધકો સહિત સમાજને ઉપયોગી અને પ્રેરક બની રહેશે સાથે આગામી દિવસો આઝાદીની ચળવળ ઉપર જે હજી લેખિત સ્વરૂપે આલેખાયેલા નથી તેના મુદ્રણની કામગીરી પણ શરૂ આ વિભાગ થકી કરવાનું આયોજન છે.

- યોગેશ પારેખ, G.U.લાઇબ્રેરિયન

ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરી ખાતે આ વિભાગમાં ૭,૫૦૦થી વધુ પુસ્તકો વાંચવા મળશે

Azadi Ka Amrit Mahotsav — Gujarat University Library

# Achievement

**India**
**Book of Records**
*Extraordinary feats... Extraordinary people*

## CERTIFICATE

### VIRTUAL YOGA TRAINING SESSIONS FOR MAXIMUM CONSECUTIVE DAYS

**The record for conducting the virtual yoga training sessions for maximum number of consecutive days was set by Jaydeep Chauhan (born 1st June 1994) Coach and Trainer of Gujarat State Yoga Board, Amreli, in collaboration with Gujarat University Library, Gujarat University, Ahmedabad, on the occasion of Azadi Ka Amrut Mahotsav India@75. He conducted online yoga training sessions for consecutive 75 days from 1st April 2021 to 14th June 2021, wherein people participated through Google Meet platform, as confirmed on April 12, 2022.**

Date: April 29, 2022

**Dr. Biswaroop Roy Chowdhury**
Chief Editor
**India Book of Records**

*India Book of Records Is registered with the Government of India with RNI no HARENG/2010/32259.*

*India Book of Records is affiliated to Asia Book of Records and follows Asian Protocol of Records (APRs) as per the consensus arrived at the meeting of the Chief Editors of National Record Books, Ho Chi Minh City, Vietnam.*

#43 nirf | 09 ARIIA | 14 Outlook ICARE | #1 GSIRF Only 5-Star Uni in Gujarat


**Co-ordinated By:**

- **Dr. Yogesh Parekh**
  I/C Librarian,
  Gujarat University

**Compiled By:**

- **Yash Bhandari**
- **Akshar Zala**